# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૫/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ચેમ્બર પ્રિમિયર લીગ – ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ' યોજાઇ : ચેમ્બર સુપર કીંગ વિજેતા

ચેમ્બર સુપર કીગની ટીમે સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમને પછાડી ફાઇનલ મેચમાં બાજી મારી

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગત ૨ અને ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ડુમસ રોડ સ્થિત લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડીયમ ખાતે 'ચેમ્બર પ્રિમિયર લીગ – ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના એસોસિએશન અને કોર્પોરેટ સેકટર્સ મળી કુલ ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

રવિવારે, ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ૬ મેચ રમાડવામાં આવી હતી. પહેલી મેચમાં સુરત ડાયમંડ એસોસિએશનની ટીમ સુરત જવેલરી એસોસિએશનની ટીમને હરાવી વિજેતા થઇ હતી. બીજી મેચમાં સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમે ક્રેડાઇની ટીમને પરાજીત કરી હતી. ત્રીજી મેચમાં સુરત ટેક્ષ્ટાઇલ કલબની ટીમ કલર કેમિકલની ટીમને હરાવી વિજેતા બની હતી. ચોથી મેચમાં ઇન્કમ ટેક્ષની ટીમ પ્રેસ રિપોર્ટરની ટીમને હરાવી વિજેતા બની હતી. પાંચમી મેચમાં સુરત ડાયમંડ એસોસિએશનની ટીમે ફોસ્ટાની ટીમને પરાજય આપ્યો હતો. છઠ્ઠી મેચમાં સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ કલર ટેક્ષને હરાવી વિજેતા થઇ હતી.

રવિવારે, ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાઉથ ગુજરાત પ્રોસેસર્સ એસોસિએશનની ટીમે સુરત ટેક્ષ્ટાઇલ કલબને પરાજય આપ્યો હતો. જ્યારે ચેમ્બર સુપર કીગની ટીમે ઇન્કમ ટેક્ષની ટીમને પરાજીત કરી હતી. પ્રથમ સેમી ફાઇનલમાં સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ સુરત ડાયમંડ એસોસિએશનની ટીમને હરાવી ફાઇનમાં

પહોંચી હતી. જયારે બીજી સેમી ફાઇનલમાં ચેમ્બર સુપર કીગની ટીમ સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનની ટીમને પરાજીત કરી ફાઇનલમાં પહોંચી હતી.

ફાઇનલ મેચ ચેમ્બર સુપર કીગ અને સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશન વચ્ચે રમાઇ હતી. જેમાં સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમે ટોસ જીતી ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યુ હતુ. આથી ચેમ્બર સુપર કીગે પાંચ વિકેટના નુકસાને ૧૧૦ રન ફટકાર્યા હતા. જયારે સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ ૧૦ ઓવરમાં માત્ર ૮૭ રન બનાવી શકી હતી. ચેમ્બર સુપર કીગે ૨૩ રનથી ફાઇનલ મેચમાં વિજય હાંસલ કર્યો હતો.

ચેમ્બર પ્રિમિયર લીગ – ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ રનર્સ અપ રહી હતી. મેન ઓફ ધી મેચ શ્રી સ્મીત શાહ રહયા હતા. જયારે મેન ઓફ ધી સિરીઝ શ્રી ગિરીરાજ, બેસ્ટ બેટ્સમેન શ્રી રોકી માલી અને બેસ્ટ બોલર શ્રી હિરેન હલાટવાલા રહયા હતા. વિજેતા ટીમ ચેમ્બર સુપર કીગને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.